**ક્રમાંક-૧૪**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે શુભકામના**

માનનીય અધ્યક્ષશ્રીએ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આજરોજથી શરૂ થતી હોઇ, ગુજરાતના તમામ વિદ્યાર્થી ભાઇ બહેનોને ગુજરાત વિધાનસભાના તમામ સભ્યશ્રીઓ વતી ખૂબ ખૂબ શુભકામના પાઠવી.

૨. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૧૪મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૮૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**ડ્રગ્સના કારણે યુવાધનની બરબાદી અંગે**

સભ્યશ્રી અમિત ચાવડાએ નિયમ-૧૧૬ અન્વયે ''ઓખા, કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયામાંથી હેરોઈન ગુજરાતમાં ઠલવાતું હોવાના કારણે યુવાધન બરબાદ થશે તેવો ભય અને આક્રોશ નાગરિકોમાં ફેલાયેલ છે, ત્યારે ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર દરિયાઇ માર્ગે ઠલવાતો અટકાવવા માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી. માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૪, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૫ માહિતી અને પ્રસારણ વિભાગ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૪, ૫, અને ૬, માગણી ક્રમાંક-૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, અને ૧૮, માગણી ક્રમાંક-૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક-૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક-૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ અને ૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિમલ ચુડાસમા
(૨) શ્રી જયદ્રથસિંહ પરમાર
(૩) શ્રી બાબુભાઇ પટેલ
(૪) શ્રી હેમંતભાઇ આહિર
(૫) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૭) શ્રી અક્ષયકુમાર પટેલ
(૮) શ્રી અનિકેતભાઇ ઠાકર
(૯) શ્રી સંદીપભાઇ દેસાઇ
(૧૦) શ્રી કિરીટસિંહ ડાભી
(૧૧) શ્રી કાળુભાઇ ડાભી
(૧૨) શ્રી પરસોત્તમભાઇ પરમાર
(૧૩) શ્રી સંજયભાઇ કોરડિયા
(૧૪) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૫) શ્રી માનસિંહ ચૌહાણ
(૧૬) શ્રી લવિંગજી સોલંકી

ત્યારબાદ ચર્ચાનો જવાબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા માહિતી અને પ્રસારણ વિભાગ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

૫. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૪–૪૬)

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તેમની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૨ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૬, ૫૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૧૫મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫–૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૪મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.